# જૈન ધાર્મિક સંદર્ભ
# અને
# મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

❑ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

**આરંભ : જૈન પ્રભાવ**

છેક ૧૨મી સદીથી માંડી ૧૯મી સદીના પૂર્વાર્ધના ગાળાનું ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન પરંપરામાં સર્જાયું છે. આ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યની વિપુલતા ધ્યાન ખેંચે તેવી છે. સામાન્ય અંદાજ પ્રમાણે જૈન કવિઓનું પ્રમાણ લગભગ ૭૫ ટકા જેટલું જોવા મળે છે. એમાંયે પ્રાગ્નરસિંહયુગના ગુજરાતી સાહિત્યમાં તો કેટલાક જૂજ અપવાદો બાદ કરતાં તમામ ઉપલબ્ધ સાહિત્ય જૈન સાહિત્ય છે. ઇ.સ. ૧૧૮૫નું રચનાવર્ષ ધરાવતી સૌથી વહેલી ઉપલબ્ધ ગુજરાતી કૃતિ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' (સાલિસૂરિકૃત) જૈન રચના છે - કર્તૃત્વ અને કથાનક બન્ને સંદર્ભે.

આ કૃતિની ભાષા અપભ્રંશમાંથી સંક્રાંત થતી ગુજરાતી ભાષા છે. જેનો અણસાર મહાન જૈનાચાર્ય હેમચંદ્રના 'સિદ્ધહૈમ' વ્યાકરણગ્રંથના આઠમા અધ્યાયમાં આવતા 'અપભ્રંશ દુહા'માં સાંપડે છે. આમ ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યના પ્રારંભકાળે સંવત ૧૧૪૫ (ઇ.સ. ૧૦૮૮)ની કાર્તિકી પૂર્ણિમાએ જન્મેલા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસમાં મોટું પ્રભાવક બળ બની રહ્યા. એમણે 'સિદ્ધહૈમ' જેવો. વ્યાકરણગ્રંથ અને 'દેશીનામમાલા' જેવો શબ્દકોશ આપીને ભાષા સાથે મોટું કામ પાર પાડ્યું.

સિદ્ધરાજ પછી ગુજરાતની ગાદીએ આવેલા રાજા કુમારપાળનો હેમચંદ્ર સાથેનો સંબંધ ગુરુશિષ્ય જેવો રહ્યો. આ આચાર્યના સમાગમથી સં. ૧૨૧૬ (ઇ.સ. ૧૧૬૦)માં કુમારપાળે પ્રગટપણે જૈન ધર્મ અંગીકાર કરી 'અમારિ-ઘોષણા,' જિનાલયોની રચના, જીર્ણોદ્ધારો, પ્રજાકલ્યાણનાં કામો દ્વારા જૈનધર્મનું ઉત્કૃષ્ટતાથી પાલન કર્યું. કુમારપાળને હાથે થયેલી જૈન શાસનની આ પ્રભાવકતા મધ્યકાલીન ગુજરાતમાં કુમારપાળ વિશે રચાયેલા રાસા-પ્રબંધોમાં ઝિલાયેલી જોઈ શકાશે.

આમ ગુજરાતી ભાષા/સાહિત્યનો આરંભકાળ એ જૈન શાસનની પ્રભાવક્તાનો કાળ બની રહ્યો. તે પછીના અલ્લાઉદ્દીન ખીલજીના મુસ્લિમ સરદારોએ ગુજરાતમાં સર્જેલી પાયમાલીના કાળમાં પણ વિરક્ત જૈન સાધુઓએ ઉપાશ્રયોમાં એમની સરસ્વતી-ઉપાસના ચાલુ જ રાખી જેનો મોટો લાભ ગુજરાતી સાહિત્યને થયો.

**જૈન દર્શનનો આધારસ્રોત**

જૈન દર્શન અને જૈન ધર્મોપદેશના મુખ્ય આધારરૂપ ગ્રંથો તે ૪૫ આગમો ગણાયાં છે. આ આગમો તે ૧૧ અંગ (૧૨મું અંગ 'દૃષ્ટિવાદ' પાછળથી લુપ્ત થયું), ૧૨ ઉપાંગો, ૪ મૂલસૂત્રો, ૧ નંદીસૂત્ર, ૧ અનુયોગદ્વાર, ૬ છેદસૂત્રો, ૧૦ પ્રકીર્ણક (પયન્ના).

આજથી અઢીહજાર વર્ષ અગાઉ ભગવાન મહાવીરે એમના જીવનકાળ દરમ્યાન લોકભાષામાં આપેલા ઉપદેશને સુધર્માસ્વામી આદિ એમના ગણધર ભગવંતોએ દ્વાદશાંગી આગમસૂત્રોમાં ગૂંથી લીધો. શ્રુતપરંપરાએ પાછળથી વીસરાવા આવેલાં એ સૂત્રોની જાળવણીનું કામ હાથ ધરાયું અને જુદે જુદે સમયે ભરાયેલી પરિષદોમાં એ સૂત્રોની વાચનાઓ તૈયાર થઈ. જેવી કે માથુરી વાચના, વલભી વાચના. એના ઉપર પાછળથી નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકાના અનેક શાસ્ત્રગ્રંથો લખાયા.

ઉમાસ્વાતિએ જૈન દર્શનના સંદોહનરૂપ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર'ની રચના કરી. તો સિદ્ધસેન દિવાકરે 'ન્યાયાવતાર' નામક સંસ્કૃત ગ્રંથ દ્વારા જૈન પ્રમાણનો પાયો સ્થિર કર્યો. અને પ્રાકૃતમાં 'સન્મતિ પ્રકરણ' રચી અનેકાન્તવાદનું સ્થાપન કર્યું.

આશરે વિ.સં. ૭૫૭થી ૮૨૭ના ગાળામાં વિદ્યમાન એવા શ્રી હરિભદ્રસૂરિએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ધર્મવિચાર અને દાર્શનિક વિષયના અનેક ગ્રંથો દ્વારા સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, અદ્વૈત, ચાર્વાક, બૌદ્ધ, જૈન આદિ સર્વે દર્શનો અને મતોની અનેક રીતે આલોચના કરી નવો યુગ સ્થાપ્યો. તેમણે ૧૪૦૦ ગ્રંથો રચ્યાનું કહેવાય છે. એમણે પ્રાકૃતમાં રચેલી ગદ્યકથા 'સમરાઈચ્ચકહા' (સમરાદિત્યકથા) અત્યંત સુપ્રસિદ્ધ કથા બની છે. આ મહાન જૈનાચાર્ય હરિભદ્રસૂરિ સુધીમાં જૈન દર્શનનો પાયો સ્થિર થઈ ચૂક્યો હતો એમ કહી શકાય.

ઉપર નિર્દિષ્ટ કરેલા શાસ્ત્રગ્રંથોમાં રજૂઆત પામેલાં તત્ત્વદર્શન, બોધઉપદેશ અને કથાનકો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો એક મુખ્ય આધારસ્રોત ગણી શકાય. જીવ-અજીવ આદિ નવ તત્ત્વો, કર્મબંધ અને એનો ક્ષયોપશમ, કર્મના પ્રકારો, સમ્યક્ત્વ, બાર ભાવના, સાધુ અને શ્રાવક જીવનનાં પાંચ મહાવ્રતો, છ આવશ્યકો વગેરેને નિરૂપતી વિવિધ સ્વરૂપોવાળી લઘુ-દીર્ઘ રચનાઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં થઈ છે. જેમકે પંડિત વીરવિજયજીની '૪૫ આગમની પૂજા'માં ૪૫ આગમોનો સંક્ષેપમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિચય મળે છે. આ જ કવિની 'ચોસઠ પ્રકારી પૂજા'માં આઠ પ્રકારના કર્મબંધોનું નિરૂપણ કરતી, પ્રત્યેક કર્મની અષ્ટપ્રકારી એવી ચોસઠ પૂજાઓ છે. એમાં પ્રત્યેક કર્મના દૃષ્ટાંત રૂપે આવતી, પૂર્વભવને આલેખતી સંક્ષિપ્ત કથાઓ પણ મળે છે. ઉપાધ્યાય યશોવિજયજીએ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' અને 'સમક્તિના સડસઠ બોલની સજ્ઝાય' જેવી, જૈન સિદ્ધાંતોને નિરૂપતી રચનાઓ કરી છે. પ્રાગ્નરસિંહયુગમાં (સં. ૧૩૨૭ / ઇ.સ. ૧૨૭૧માં) રચાયેલા અજ્ઞાત કવિના 'સપ્તક્ષેત્રિરાસુ'માં જૈન ધર્મમાં અતિ પવિત્ર ગણાયેલાં જિનમંદિર, જિનપ્રતિમા, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા - એ સાત પુણ્યક્ષેત્રોની ઉપાસનાનું નિરૂપણ છે. '૩૪ અતિશય સ્તવન,' 'બાર વ્રત સજ્ઝાય/રાસ,' 'બાર ભાવના સંધિ,' 'સિદ્ધાંત ચોપાઈ' જેવી અસંખ્ય લઘુ રચનાઓ ઉપરાંત જૈન સિદ્ધાંતોની સરળ સમજૂતી માટે અસંખ્ય બાલાવબોધો પણ રચાયા છે. જેવા કે 'પડાવશ્યક બાલા.,' 'નવતત્ત્વ બાલા૦,' 'જીવવિચારગ્રંથ બાલા૦'

### જૈન કથાનકો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો મોટો ભાગ તો પરલક્ષી કથનાત્મક કવિતાએ રોક્યો છે. એમાં જૈન સાધુકવિઓએ આલેખેલાં જૈન કથાનકોનો મહત્ત્વનો ફાળો છે. આ કથનાત્મક સાહિત્યનો વ્યાપ ઘણો જ મોટો છે. એકલાં તીર્થંકરોનાં કથાનકોની વાત કરીએ તોપણ એ ૨૪ તીર્થંકરો સુધી વિસ્તરેલાં છે. વિશેષે કરીને જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને એમના પુત્રો ભરત અને બાહુબલિ વિશેનાં, બાવીસમા તીર્થંકર નેમિનાથ અને રાજિમતી વિશેનાં, ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ વિશેનાં અને છેલ્લા ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીના ૨૭ ભવોને આવરી લેતાં કથાનકો આલેખાયેલાં છે.

આ ઉપરાંત ગૌતમસ્વામી આદિ ગણધરોનાં ('ગૌતમસ્વામીનો રાસ'), અભયકુમાર, શ્રેણિકકુમાર જેવા રાજપુરુષોનાં ('અભયકુમાર-શ્રેણિકરાજાનો રાસ'), સુદર્શન, શાલિભદ્ર આદિ શ્રેષ્ઠીઓનાં ('સુદર્શન શ્રેષ્ઠીનો રાસ' 'ધન્નાશાલિભદ્ર રાસ') સ્થૂલિભદ્ર, જંબૂસ્વામી, મેતાર્યમુનિ, ઇલાચીકુમાર આદિ સાધુઓનો ('જંબૂસ્વામીરાસ,' 'જંબુસ્વામી ફાગ,' 'મેતારજ ઋષિ ચોપાઈ,' 'સ્થૂલિભદ્રફાગુ,' 'ગુણરત્નાકરછંદ,' 'શ્રી સ્થૂલિભદ્રજીની શિયળવેલ,' 'ઇલાચીકુમારની સજ્ઝાય,'), સતી સ્ત્રીઓનાં ('ચંદનબાળારસ,' 'અંજનાસતી રાસ') વગેરેનાં કથાનકોનું નિરૂપણ કરતું ભરપૂર સાહિત્ય રચાયું છે.

જૈન સાધુઓએ જૈન કથાઓ આપવા ઉપરાંત રામાયણ, મહાભારત આદિનાં જૈનેતર કથાવસ્તુઓને પણ ઉપયોગમાં લીધાં છે. એમ કરવામાં આ કથાનકોની જૈન પરંપરાઓ પણ વિકસી છે. જેમકે રાસ/પ્રબંધ/ચરિત્ર એવી સ્વરૂપ સંજ્ઞાઓવાળી જુદી જુદી રચનાઓમાં જૈન પરંપરાની નળ-દમયંતીની કથાનો વિકાસ જોઈ શકાય છે.

જૈન સાધુકવિઓએ 'બૃહત્કથા'ની પરંપરાની લૌકિક કથાવસ્તુને પણ પ્રયોજી છે. એમણે 'વિક્રમચરિત્રકુમાર રાસ,' 'વિદ્યાવિલાસ ચોપાઈ,' 'આરામશોભા રાસ,' 'માધવાનલ-કામકંદલા રાસ' જેવી લૌકિક કથાઓ આપવા ઉપરાંત 'ત્રિભુવનદીપકપ્રબંધ' જેવી મધ્યકાલીન ગુજરાતીની પહેલી રૂપકકથા પણ જૈન સાધુકવિ જયશેખરસૂરિ પાસેથી પ્રાપ્ત થાય છે.

### દસ્તાવેજી મૂલ્ય ધરાવતી સામગ્રી

ઐતિહાસિક ઘટનાઓ અને ઐતિહાસિક વ્યક્તિવિશેષોનું નિરૂપણ કરતું સાહિત્ય પણ જૈનકવિઓને હાથે રચાયું છે જૈન ગુજરાતી સાહિત્યની આ એક વિશેષતા રહી છે. જૈનેતર સાહિત્યમાં 'કાન્હડદે પ્રબંધ' કે 'રણમલ્લછંદ' જેવી ઐતિહાસિક ઘટનાનું નિરૂપણ કરતી રચનાઓ અપવાદ રૂપે, જૂજ મળે છે. જ્યારે જૈન સાહિત્ય આ બાબતમાં એકદમ જુદું તરી આવે છે.

વિમલમંત્રી ('વિમલપ્રબંધ'), રાજા કુમારપાળ ('કુમારપાળ રાસ'), મહામાત્ય વસ્તુપાળ અને તેજપાળ ('વસ્તુપાળ-તેજપાળરાસ') જેવા રાજપુરુષોનાં ચરિત્રો, સમ્રાટ અકબરના ખાસ નિમંત્રણથી ફત્તેહપુર સિક્રી જઈ અકબરને પ્રભાવિત કરી અમારિ-ઘોષણા પ્રવર્તનમાં મુખ્ય ભાગ ભજવનાર જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિનું ચરિત્ર ('હીરવિજયસૂરિરાસ'), શુભવિજય તેમજ પંડિત વીરવિજય જેવા સાધુઓના નિર્વાણપ્રસંગે એમના જ શિષ્યોથી રચાયેલાં ચરિત્રો ('શુભવેલિ,' 'પં.વીરવિજયનિર્વાણ રાસ'), ક્રાંતિવિજયે રચેલું ઉપાધ્યાય યશોવિજયજીનું ચરિત્ર ('સુજસવેલિભાસ') ઐતિહાસિક વ્યક્તિ વિશેષોનું નિરૂપણ કરે છે.

હઠીસિંહના દહેરાનો અંજનશલાકા પ્રતિષ્ઠા-મહોત્સવ, મુંબઈ-ભાયખલામાં શેઠ મોતીશાએ કરાવેલી પ્રતિષ્ઠા, શેઠ મોતીશાએ શત્રુંજ્ય ઉપર બંધાવેલી ટૂક અને ચૈત્ય-પ્રતિષ્ઠા, અમદાવાદના શેઠ પ્રેમાભાઈ-હીમાભાઈએ કાઢેલો સિદ્ધાચલ ગિરનારનો સંઘ, હરકુંવર શેઠાણીએ કાઢેલો સંઘ વગેરે ઘટનાઓને નિરૂપતી કૃતિઓ અનુક્રમે 'હઠીસિંહની અંજનશલાકાનાં ઢાળિયાં,' 'મોતીશાનાં ભાયખલાનાં ઢાળિયાં,' 'મોતીશા શેઠની ટૂંકની પ્રતિષ્ઠાવર્ણન ગર્ભિત સિદ્ધાચલ સ્તવન,' 'સિદ્ધાચલ-ગિરનાર સંઘ સ્તવન/હીમાભાઈ શેઠ સિદ્ધાચલ સંઘવર્ણન,' 'સંઘવણ હરકુંવર સિદ્ધક્ષેત્ર સ્તવન' મળે છે.

આ ઉપરાંત દીર્ઘ કૃતિઓમાં જૈન સાધુકવિ પોતાની ગુરુપરંપરા આપે, રચનાનાં સ્થળ-સમય જણાવે, નગરવર્ણન કરે, સમકાલીન પ્રેરક વ્યક્તિઓ વિશેની માહિતી નિર્દેશે. આ બધી વીગતો ભરપૂર દસ્તાવેજી મૂલ્ય ધરાવતી બની રહે છે.

### ધાર્મિક પ્રયોજનવાળું સાહિત્ય

જૈન સાહિત્ય એ મુખ્યત્વે ધાર્મિક પ્રયોજનવાળું સાહિત્ય છે. અને ક્યાંક તો આ પ્રયોજનને અભિનિવેશપૂર્વક સિદ્ધ કરે છે. 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો' - 'અહિંસા, સંયમ, તપ એ મંગલ - ઉત્કૃષ્ઠ ધર્મ છે.' જૈન ધર્મ અહિંસા, સંયમ, તપ, વૈરાગ્ય, કર્મબંધક્ષય દ્વારા નિર્વાણ - મોક્ષપ્રાપ્તિની મુખ્યતયા વાત કરે છે. એટલે જૈન સાહિત્ય જે કંઈ ચરિત્રકથાઓ, ધર્મકથાઓ, પદ્યવાર્તાઓ આલેખે એનો પ્રધાન સૂર તો વૈરાગ્ય-સંયમ-માર્ગાભિમુખતાનો જ હોય છે. નેમ-રાજિમતીના કથાનકમાં લગ્નોત્સવના ભોજન માટે વધેરાતાં પશુપંખીનો ચિત્કાર સાંભળીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમનાથ લગ્નના લીલા તોરણેથી પાછા ફરી ગિરનાર ઉપર ચાલ્યા જાય છે. પોતાના જ ભાઈ ભરતની સાથે દ્વંદ્વયુદ્ધ ખેલતા બાહુબલિ, ભાઈને મારવા ઉગામેલી મૂઠીથી વૈરાગ્ય ભાવ જાગ્રત થતાં જ કેશલોચ કરવા પ્રેરાય છે. કોશા-વેશ્યામાં પોતાની મોહાંધતાને કારણે પિતાના થયેલા મરણને પણ પોતે જાણી શક્યા નહીં એ પશ્ચાત્તાપનો ભાવ સ્થૂલિભદ્રને રાજ્યનું મંત્રીપદ ઠુકરાવીને દીક્ષાજીવન અંગીકાર કરવા તરફ વાળે છે. લગ્નની પ્રથમ રાત્રિએ જંબૂસ્વામીના બ્રહ્મચર્યનો પ્રભાવ પ્રભવ નામના ચોરને પણ દીક્ષાસ્વીકાર માટે પ્રેરે છે. આમ અસંખ્ય જૈન કથાઓમાં રાજવીઓ, શ્રેષ્ઠીઓ, ગૃહસ્થો છેવટે સંયમ-વૈરાગ્ય-તપને માર્ગે પળે છે.

**કાવ્યસ્વરૂપો અને જૈન સંદર્ભ**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં કેટલાક કાવ્યસ્વરૂપો જૈન સાધુકવિઓને હાથે ખેડાયાં ને વિકસ્યાં છે. દા.ત. રાસ/રાસા સ્વરૂપ મૂળમાં રાસ એ મંદિરમાં વર્તુળાકારે સમૂહનૃત્ય સાથે તાલબદ્ધ રીતે ગાવા માટેની લઘુ ભાવપ્રધાન રચના હતી. પણ ધીમેધીમે એમાં કથનતત્ત્વ ઉમેરાઈને દીર્ઘકૃતિ માટે 'રાસ/રાસા' સંજ્ઞા પ્રયોજાવા લાગી. જૈન સાધુઓઓએ અસંખ્ય રાસાઓ લખ્યા. આપણે આગળ જોયું તેમ ગુજરાતી સાહિત્યની ઉપલબ્ધ કૃતિઓમાં સૌથી જૂનામાં જૂની રચના 'ભરતેશ્વર બાહુબલિરાસ' એ જૈન સાધુ સાલિસૂરિકૃત રચના છે. પછી તો કોઈ મહાનદની જેમ એ પ્રકાર અસ્ખલિત વહેતો જ રહ્યો છે. જોકે એ હકીકત સ્વીકારવી જોઈએ કે મોટા-ભાગની આવી રાસરચનાઓ કાવ્યસૌંદર્યના ઊંચા ઉન્મેષો સિદ્ધ કરતી નથી.

ફાગુપ્રકાર પણ જૈન સાધુ કવિઓએ જ ખેડ્યો છે. પ્રાગ્નરસિંહયુગમાં 'સિરિથુલિભદ્દફાગ' જેવી જિનપદ્મસૂરિની રચેલી આરંભની ફાગુરચના પ્રાપ્ત થાય છે. પછી તો જૈન-જૈનેતર કવિઓએ આ પ્રકારને પણ ખૂબ ખેડ્યો-વિકસાવ્યો છે. 'બારમાસા' એ બંને પરંપરામાં વિકસેલો પ્રકાર છે. પણ એમાંયે નરસિંહ પૂર્વેની 'નેમિનાથ ચતુષ્પદિકા' જેવી રચના જૈન કવિ વિનયચંદ્રની પ્રાપ્ત થાય છે. એ જ રીતે મધ્યકાલીન ગુજરાતીનું જૂનામાં જૂનું રૂપકકાવ્ય 'ત્રિભુવનદીપકપ્રબંધ' પણ જૈન સાધુકવિ જયશેખરસૂરિનું મળે છે.

'વિવાહલો' સ્વરૂપવાળી જૈન કવિઓની રચનામાં એક ચોક્કસ ધાર્મિક સંદર્ભ પ્રાપ્ત થાય છે. કૃતિનું નામ હોય 'જિનચંદ્રવિવાહલો.' તો અહીં પ્રશ્ન થાય કે સાધુ અને વિવાહ ? પણ અહીં કાવ્યનાયક - સાધુ સંયમસુંદરી કે મોક્ષસુંદરીને વર્યા એમ નિરૂપણ હોય. દીક્ષાપ્રસંગ નિમિત્તે કૃતિ સમગ્ર ચરિત્રલક્ષી પણ બને.

'છંદ' સંજ્ઞાવાળી જે નાનીમોટી રચનાઓ મધ્યકાલીન ગુજરાતીમાં મળે છે તેમાંની મોટા ભાગની તો જૈન રચનાઓ છે. 'રણમલ્લ છંદ' જેવી જૂજ જૈનેતર રચનાઓની તુલનામાં ચારણી વપરાશના છંદોલયની છટામાં ગાન કરતી 'રંગરત્નાકર નેમિનાથ છંદ' (લાવણ્યસમયકૃત), 'ગુણરત્નાકર છંદ' (સહજસુંદરકૃત) આદિ છંદ સ્વરૂપની બહુસંખ્ય રચનાઓ જૈન કવિઓની છે. સૌથી વધારે છંદો સ્તુતિ-પ્રશસ્તિના રચાયા છે એમાંયે સૌથી વિશેષ ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથની સ્તુતિના છે આ ઉપરાંત મહાવીર, નેમનાથ આદિ તીર્થંકરો, વિહરમાન જિનેશ્વર સીમંધર સ્વામી, મહાવીરના મુખ્ય ગણધર ગૌતમસ્વામી, સરસ્વતી, પદ્માવતી આદિ દેવીઓની સ્તુત્યાત્મક છંદરચનાઓ થઈ છે.

સજ્ઝાય, સ્તવન, પૂજા, થોય (સ્તુતિ), ચૈત્યવંદન, ચોવીશી, વીશી, ગહૂંળી - એ બધાં જૈન સંદર્ભ ધરાવતાં કાવ્યસ્વરૂપો છે.

સજ્ઝાય એક લઘુ કાવ્યપ્રકાર છે. આમ તો સજ્ઝાય એટલે સ્વાધ્યાય. એ રીતે ધર્મચિંતન કે અધ્યાત્મચિંતન માટેની એ રચના છે. મુખ્યત્વે એમાં ધાર્મિક આચારવિચારોનું તેમજ એ માટેની દૃષ્ટાંત કથાઓનું એમાં સંક્ષેપમાં નિરૂપણ હોય છે. જેમકે 'સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય,' 'સામાયિકના કર દોષની સજ્ઝાય'; કામ-ક્રોધ-મોહ-લોભની સજ્ઝાય, તેમજ 'સ્થૂલિભદ્ર સજ્ઝાય,' 'હીરવિજયસૂરિ નિર્વાણ સજ્ઝાય,' 'દશાર્ણભદ્રની સજ્ઝાય,' 'ઇલાચીકુમારની સજ્ઝાય,' 'આષાઢભૂતિની સજ્ઝાય.'

સ્તવન એ પણ જિનમંદિરમાં ગાવા માટેનું ભક્તિભાવસભર ગેય પદ છે. જેમાં મુખ્યત્વે તીર્થંકરના રૂપગુણ, મૂર્તિની શોભા, એથી હૃદયમાં જાગતો ઉલ્લાસ-આદિનું ગાન કરવામાં આવે છે. પણ ભગવાનની આ સ્તવના ઉપરાંત ચૈત્યો, તીર્થો, પર્યુષણ આદિ ધાર્મિક પર્વો વગેરેની પણ સ્તવન-રચનાઓ વિપુલ પ્રમાણમાં થઈ છે 'ચોવીશી' એ ક્રમશઃ વર્તમાન ચોવીસેય તીર્થંકરોની સ્તવનાનો પદસમૂહ છે. એ જ રીતે વિહરમાન વીસ જિનેશ્વરોની સ્તવનાના પદસમૂહને 'વીશી' કહે છે. થોય (સ્તુતિ) એ પણ સ્તવન જેવો લઘુ પદપ્રકાર છે જે મુખ્યત્વે સામાયિક, પ્રતિક્રમણ જેવી ક્રિયાવિધિઓમાં કાઉસગ્ગ (કાયોત્સર્ગ) સમાપ્ત કરતી વેળાએ પ્રકટપણે ગવાય છે. 'ચૈત્યવંદન'એ દેવવંદનની વિધિ વેળાએ ગાવા માટેની લઘુ રચના છે.

'પૂજા' સંજ્ઞા એક ચોક્કસ જૈન સંદર્ભ ધરાવે છે. જૈન દહેરાસરોમાં અવારનવાર ત્રિગડા ઉપરના સિંહાસને પ્રભુજીની ધાતુની મૂર્તિ પધરાવીને, પુષ્પ, ફળ, અક્ષત, જળ, ચંદન, ધૂપ, દીપ અને નૈવેદ્ય - એ આઠ પ્રકારે ક્રમશઃ પૂજનવિધિ કરતા જઈને જે પૂજા ભણાવવામાં આવે છે તે સમયે ગાવા માટેની જે રચના તેને 'પૂજા' કહેવામાં આવે છે. વિધવિધ દેશીઓમાં અને વિવિધ લયછટાઓમાં વાજિંત્રોની સૂરાવલિના સથવારે આ 'પૂજા'ઓનું સામુદાયિક ગાન ભક્તિ ઓચ્છવનો એક અનેરો માહોલ ઊભો કરે છે. આવી પૂજા-રચનાઓમાં પંડિત વીરવિજયજીની પૂજાઓ સૌથી વિશેષ પ્રચલિત બની છે.

'વેલી' સ્વરૂપસંજ્ઞા ઘણું ખરું ચરિત્રાત્મક કાવ્ય માટે જૈન સાહિત્યમાં પ્રયોજાયેલી જણાય છે. દા.ત. 'શુભવેલી,' 'શ્રી સ્થૂલિ-ભદ્રની શિયળવેલી,' 'સુજસવેલિ ભાસ' વગેરે 'ગહૂળી' એટલે પાટલા કે બાજઠ પર ઘઉં (કે અક્ષત)ની સ્વસ્તિક આદિ મંગલ આકૃતિ રચીને સાધુભગવંતના સામૈયા ટાણે એમનું સ્વાગત કરતી વખતે ગાવાની રચના. પં. વીરવિજયજીએ રચીને કેટલીક ગહૂંળીઓ જૈન સમાજમાં પ્રચલિત થઈ છે.

મધ્યકાળમાં બાલાવબોધ, સ્તબક, ટબો, ઔક્તિક, બોલી વગેરે ગદ્યપ્રકારો છે. આ પ્રકારો પણ જૈન સાધુઓને હાથે જ મુખ્યતયા

ખેડાયેલા જોવા મળે છે. અનેક પુરોગામી ગ્રંથો ઉપર જૈન સાધુઓએ સામાન્ય જનોને અવબોધ માટે બાલાવબોધો રચ્યા છે. એમાં મધ્યકાલીન ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ, બોલચાલની લઢણનું ગદ્ય વગેરે પ્રાપ્ત થતું હોઈ તત્કાલીન ગુજરાતી ભાષાના સ્વરૂપને વધુ યથાર્થરૂપે સમજવા માટે આ ગદ્યરચનાઓ વધુ અગત્યની બની રહે છે.

**જૈન પરિભાષા**

આજે પણ જૈનો સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન, ગુરુવંદન આદિ રોજિંદી ધાર્મિક ક્રિયાવિધિમાં પ્રાકૃત-અર્ધમાગધી ભાષામાં રચાયેલાં સૂત્રોને ઉપયોગમાં લે છે. પરિણામેએ પુરોગામી ભાષાઓનાં શબ્દભંડોળ-વાક્યરચના-વાક્યખંડોનો જૈનોના રોજિંદા ધાર્મિક વ્યવહારો વેળાની અરસપરસ બોલાતી ભાષામાં પણ ઉપયોગ થતો સાંભળવા મળે છે જેમકે 'ક્ષમા કરો' એમ બોલવાની જગાએ જૈનો પરસ્પર 'મિચ્છા મિ દુક્કડમ્' કહે, સાધુભગવંતોને વંદન કરતી વખતે 'મત્થએણ વંદામિ' એમ જ બોલે, ગુરુનો આદેશ ઝીલતી વેળા શિષ્ય 'તહત્તિ' કહે, જિનાલયમાં પ્રવેશતી વેળા શ્રાવક 'નિસિહી' (નૈષેધિકી = પાપસહિતના વ્યાપારનો નિષેધ) કહે. એ જ રીતે સાધુસાધ્વીઓ માટેનાં, શ્રાવકો માટેનાં, જિનાલયોમાં વપરાશમાં લેવાતાં કેટલાંક ઉપકરણોને પણ ચોક્કસ નામોથી ઓળખવામાં આવે છે. આમ એક ચોક્કસ જૈન પરિભાષા વિકસેલી છે.

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં આવી જૈન પરિભાષાનું શબ્દભંડોળ ઠીકઠીક છે જેને ચોક્કસ જૈન ધાર્મિક સંદર્ભમાં જ સમજી શકાય. આ પરિભાષાના કેટલાક શબ્દો જોઈએ : સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ, કાઉસગ્ગ, જયણા, વૈયાવચ્ચ, પરીષહ, ઉપસર્ગ, નવકાર, પંચપરમેષ્ઠી, સમવસરણ, દેશના, ગોચરી, ચોવિહાર, અતિચાર, ધર્મલાભ, ખામણાં, વાંદણાં, મુહપત્તી, ઓઘો, પડઘો, ષડાવશ્યક, સમક્તિ વગેરે.

**પદબંધો દેશીબંધોનો પ્રચુર પ્રયોગ અને નિર્દેશ**

જૈન કવિઓએ રાસાઓમાં અને સ્તવનાદિ લઘુ રચનાઓમાં પ્રચલિત દેશીબંધોનો ભરપૂર ઉપયોગ કર્યો છે. જૈન કવિઓની ખાસિયત એ છે કે પોતે જે દેશીબંધને ઉપયોગમાં લીધો હોય તેનો કૃતિને મથાળે નિર્દેશ કરે છે. આવા ૨૪૦૦ ઉપરાંત દેશીબંધો ઉપયોગમાં લેવાયા હોવાની યાદી 'જૈન ગૂર્જર કવિઓ'માં શ્રી મોહનલાલ દ. દેસાઈએ કરી છે. જે કૃતિઓને આ કવિઓએ 'છંદ' સંજ્ઞાથી ઓળખાવી છે એમાં એમણે ચારણી વપરાશવાળા અક્ષરમેળ કે માત્રામેળ છંદોમાં કે પૂરકો દ્વારા તે-તે છંદોની ચાલ/ચાલિમાં છંદોગાન કર્યું છે.

**જ્ઞાનભંડારો/હસ્તપ્રતોની જાળવણી**

એ તો સુવિદિત છે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કાં કંઠસ્થ સ્વરૂપે કાં હસ્તપ્રતો દ્વારા સચવાયું, જળવાયું ને પ્રસાર પામતું રહ્યું. જૈનોએ જ્ઞાનભંડારોની એક ચોક્કસ વ્યવસ્થા નિપજાવી હોઈ અને હસ્તપ્રતોની જાળવણીની એક વિશિષ્ટ પ્રકારની કુનેહ ધરાવતા હોઈ અસંખ્ય હસ્તપ્રતો જૈન જ્ઞાનભંડારોમાં જળવાઈ છે. એની તુલનામાં જૈનેતરો જ્ઞાનભંડારોની આવી વ્યવસ્થા કે હસ્તપ્રતોનું જતન કરી શક્યા નથી. જુદાજુદા સમયગાળાની અસંખ્ય હસ્તપ્રતો ઉપલબ્ધ હોવાને કારણે ભાષા-સાહિત્યના વિકાસનો ઇતિહાસ પણ સુપેરે ઉપલબ્ધ બની શક્યો છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ શતકવાર આપેલી જૈન કવિઓની કૃતિઓની વર્ણનાત્મક હસ્તપ્રતસૂચિ ઉપર નજર નાખી જવાથી પણ આ વાતની પ્રતીતિ થાય એમ છે.

મધ્યકાળનું અમુદ્રિત સાહિત્ય વધારે ને મુદ્રિત ઓછું, છતાં એ સાહિત્યનો ઇતિહાસ રચવામાં આ જ્ઞાનભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોની યાદીઓનો ફાળો ઘણો મોટો છે.

અતિ મહત્ત્વની તથા અન્યત્ર અનુપલબ્ધ એવી કેટલીક જૈનેતર કૃતિઓ પણ જૈન ભંડારોમાંથી મળી આવી છે. જેવી કે ભીમકૃત 'સદયવત્સચરિત્ર,' વીરસિંહકૃત 'ઉષાહરણ,' પદ્મનાભકૃત 'કાન્હડદેપ્રબંધ,' અજ્ઞાત કવિકૃત 'વસંતવિલાસ'ની લઘુ અને વિસ્તૃત વાચનાઓ, ચતુર્ભુજની 'ભ્રમરગીતા' વ.

**સમાપન**

સાહિત્ય રસિકો તરીકે આપણને કેવળ કૃતિમાંના 'સાહિત્યપદારથ' સાથે જ નિસબત હોય એ સમજી શકાય. પણ જેમ શબ્દને અર્થબોધનો, તેમ કૃતિને સંસ્કારનો સંદર્ભ વળગેલો છે. કોઈપણ કૃતિને સંસ્કારસંદર્ભથી ઊતરડીને કેવળ કાવ્યતત્ત્વને પામવાનું મુશ્કેલ છે. છતાં આ બધા ધાર્મિક/સાંપ્રદાયિક સંદર્ભોની વચ્ચે કેવળ એના કાવ્યસૌંદર્યથી ધ્યાનાકર્ષક બને એવું પણ કેટલુંક જૈન ગુજરાતી સાહિત્યમાં અચૂક મળી આવે.

જિનપદ્મસૂરિનું શ્રી સ્થૂલિભદ્રફાગુ, જસવંતસૂરિની 'શૃંગારમંજરી,' સહજસુંદરકૃત 'ગુણરત્નાકરછંદ,' ઉપાધ્યાય યશોવિજયજી રચિત 'ચોવીશી,' અન્ય સ્તવનો અને 'સમુદ્ર વહાણ સંવાદ,' આનંદઘનજીનાં પદો, લાવણ્યસમયની બારમાસા આદિ રચનાઓ, કુશળલાભની 'માધવાનલ ચોપાઈ,' નયસુંદરની 'ઢોલા-મારુ ચોપાઈ,' સમયસુંદરનો 'નલદવદંતી રાસ,' શ્રાવક કવિ ઋષભદાસનો 'હીરવિજયસૂરિરાસ,' જિનહર્ષની કેટલીક રાસારચનાઓ, પંડિત વીરવિજયજીની ભક્તિભાવસભર સુગેય લયાત્મક પૂજાઓ અને સ્તવનસજ્ઝાયાદિ કેટલીક લઘુકૃતિઓ, ઉદયરત્નની કેટલીક લઘુ રચનાઓ - વગેરેમાં કાવ્યતત્ત્વે સભર એવાં કેટલાંક રસસ્થાનો સાહિત્યરસિકોને નિઃશંકપણે આસ્વાદ્ય બનવાનાં.

**સંદર્ભ-સાહિત્ય**

૧. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' લે. મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્રકા. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઓફિસ, મુંબઈ, આવૃત્તિ ૧, ઈ.સ. ૧૯૩૩.

૨. 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન,' લે. જયંત કોઠારી, પ્રકા. શબ્દમંગલ, અમદાવાદ, આવૃત્તિ ૧, ઈ.સ. ૧૯૮૫.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org